ગાયકવાડી તેમજ ઇંગ્રેજી રાજ્યના ત્રીજા ધોરણ
ના વિદ્યાર્થીઓને ઉપયોગી.

મુંબઇ ઇલાકાની પ્રશ્નોતર

ભૂગોળ.

૫૧૦૯

બનાવનાર

ઉમેદચંદ મોતીચંદ દેશાઇ.

તથા

ખેમચંદ હેમચંદ દાણી.

વાજાપુર પ્રાંત કડી.

આવૃત્તી પહેલી પ્રત (૧૦૦૦)

સુરત "ખોદાબક્ષ" પ્રેસમાં એમ. જે. પોટવાલાએ છાપી.
સવંત ૧૯૪૮ સને ૧૮૯૨

કીંમત રૂ. ૦-૧-૦ કલદાર.

ગાયકવાડી તેમજ ઈંગ્રેજી રાજ્યના ત્રીજા ધોરણ
ના વિદ્યાર્થીઓને ઉપયોગી.

મુંબઇ ઈલાકાની પ્રશ્નોતર

ભૂગોળ.

બનાવનાર
ઉમેદચંદ મોતીચંદ દેશાઇ.
તથા
ખેમચંદ હેમચંદ દાણી.
વીજાપુર પ્રાંત કડી.

આવૃત્તી પેહેલી પ્રત (૧૦૦૦)
સુરત "ઈખોદાઅક્ષ" પ્રેસમાં એમ. જે. પોસ્ટવાલાએ છાપી.
સંવત ૧૯૪૮ સને ૧૮૯૨
કીંમત રૂ૦-૧-૦ કલદાર.

૫૧૦૭

મુંબાઇ ઇલાકાની પ્રશ્નોતર

ભૂગોળ.

પ્ર--પૃથ્વીનો આકાર કેવો છે?

ઉ—ગોળ છે.

પ્ર—તે ગોળાની સપાટીના કેટલા સરખા ભાગ પડયાછે?

ઉ—બે.

પ્ર—તે હરેકને શું કહે છે?

ઉ—ગોળાર્ધ્ધ (અર્ધો ગોળ)

પ્ર—એવા ગોળાર્ધ્ધ કેટલા છે?

ઉ—બે.

પ્ર—કયા કયા?

ઉ—પૂર્વ ગોળાર્ધ્ધ અને પશ્ચિમ ગોળાર્ધ્ધ.

પ્ર—પૂર્વ ગોળાર્ધ્ધમાં કયા કયા ખંડ આવ્યાછે?

ઉ—એશીયા, યુરોપ, આફ્રિકા અને આસ્ટ્રેલિયા ખંડ છે

પ્ર—પશ્ચિમ ગોળાર્ધ્ધમાં કયો ખંડ છે?

ઉ—અમેરીકા.

પ્ર—એનું બીજું નામ શું?

ઉ—નવી દુનિયાં.

પ્ર—એની શોધ કયા સૈકામાં કોણે કરી?

ઉ—પંદરમા શૈકામાં કોલંબસે.

પ્ર—હીંદુસ્થાન દેશ કયા ખંડમાં છે?

ઉ—એશીયા ખંડમાં.

પ્ર—મુંબઇ ઈલાકો કયા દેશમાં છે?

ઉ—હિંદુસ્થાન દેશમાં.

દિશાઓ.

પ્ર—દિશાઓ કેટલી છે?

ઉ—ચાર.

પ્ર—કઈ કઈ?

ઉ—પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ.

પ્ર—દિશાઓ કેમ પારખવી?

ઉ—સૂર્ય ઉપરથી, સૂર્ય ન દેખાતો હોય તો ધ્રુવના તારા ઉપરથી, અને તારો પણ ન દેખાતો હોય તો વાહાણના હોકા યંત્રથી.

પ્ર—પૂર્વ અને પશ્ચિમ દીશા કોહોને કેહવી?

ઉ—જે દિશામાં સૂર્ય ઉગે છે તેને ઊગમણી, કે પૂર્વ દિશા અને જે દિશામાં સૂર્ય આથમે છે, તેને આથમણી કે પશ્ચિમ દિશા કેહેવી.

પ્ર—ઊત્તર અને દક્ષિણ દિશા કોને કેહેવી?

ઉ—પૂર્વ દિશા સામું મો કરીને ઉભા રહીએ તો ડાબા હાથ બાણી ઉત્તર દિશા, અને જમણા હાથ બાણી દક્ષિણ દિશા.

પ્ર—હોકાયંત્ર અને ધ્રુવના તારાએ કરીને દિશાઓ કેમ જાણવી?

ઉ—હોકાયંત્ર એટલે વાહાણનો હોકો. તે મોટા વાહાણોમાં

ખંલાશીઓ રાખે છે. તે અંધારી રાતે બહુ કામ લાગેછે. તે હોકા યંત્રની સોય હંમેશાં ઉત્તર દિશા ભણીજ રહેછે. તેમ ધ્રુવનો તારો પણ ઊત્તર દિશાએ ઉગે છે, એ રીતે ઉત્તર દિશા જણાઇ એટલે બીજી દિશાઓ જાણવી સેહેલી છે.

પ્ર—ખુણા કેટલા છે?

ઊ—ચાર.

પ્ર—કયા કયાં?

ઊ—ઈશાન, અગ્ની, નૈરૂત્ય અને વાયવ્ય ખુણો.

પ્ર—ઈશાન અને અગ્ની ખુણો કઈ કઇ દિશાઓ વચ્ચે આવ્યો?

ઊ—ઉત્તર અને પુર્વ વચ્ચે ઇશાન. પુર્વ અને દક્ષિણ વચ્ચે અગ્ની.

પ્ર—નૈરૂત્ય તથા વાયવ્ય ખુણો કઇ કઇ દીશાઓ વચ્ચે આવ્યો?

ઉ—દક્ષિણ અને પશ્ચિમ વચ્ચે નૈરૂત્ય તથા પશ્ચિમ અને ઉત્તર વચ્ચે વાયુવ્ય.

પ્ર—ચાર દિશા અને ચાર ખુણાઓ સિવાય બીજી બે દિશાઓ કઇ?

ઉ—આકાશ અને પાતાળ.

પ્ર—ત્યારે બધી મલીને કેટલી દિશાઓ થઈ?

ઊ—દશ.

વીશેષ—નકસાને મથાળે ઉપરની ઊત્તર તથા નીચે દક્ષિણ, ડાબી બાજુ પશ્ચિમ, અને જમણી બાજું પુર્વ દિશા.

જમીનના ભાગની વ્યાખ્યાઓ.

પ્ર—નકશો એટલે શું?

ઊ—આખી પૃથ્વી કે તેનો કોઈ ભાગ કે દેશ કે શેહેર વીગેરેનો આકાર.

પ્ર—જમીનના જે મોટા પાંચ ભાગ કરયા છે. તે દરેકને શુ કહે છે?

ઉ—ખંડ.

પ્ર—ખંડ શું મલીને થાય છે?

ઊં—ઘણા દેશો મલીને થાય છે.

પ્ર—દેશ કોને કહે છે?

ઊ—જેમાં ઘણાં પ્રાંત અને ઈલાકા વીગેરે આવેલા હોય તેને.

પ્ર—ઇલાકો કોને કહે છે?

ઊં—જેમાં ઘણા પ્રાંત આવેલા હોય તેને.

પ્ર—પ્રાંત કોને કહે છે?

ઊં—જેમાં ઘણા જીલ્લા એજન્સી અને સંસ્થાન આવેલ હોય તેને.

પ્ર—એજન્સી કોને કહે છે?

ઉ—જેમાં દેશી રાજ્યનાં ઘણાં સંસ્થાન આવ્યાં હોય તેને.

પ્ર—સંસ્થાન કોને કહે છે?

ઉ—જેમાં એકજ દેશી રાજાનું રાજ હોય તેને.

પ્ર—તાલુકો, પ્રગણું કે માહાલ કોને કેહેવો?

ઉ—જેમાં ઘણાં ગામ આવ્યાં હોય તેને.

પ્ર—ગામ કોને કહે છે?

ઊ—જેમાં થોડાં ઘર અને થોડાં ફળીયાં હોય તેને.

પ્ર—મુવાડુ કે ગામડુ કોને કહે છે?

ઊ—જેમા થોડાં છાપરાંવાલાં ઘર હોય તેને.

પ્ર—કસ્બો કોને કહે છે?

ઉ—પ્રગણામાં સૌથી મોટું ગામ અને જ્યાં મુસલમાનની વસ્તી ઘણી હોય તેને.

પ્ર—શેહેર કોને કેહવું?

ઊ—જ્યાં ઘણાં મોટાં છોબંધ અને હારબંધ ઘર હોય, મોટી મોટી હવેલીઓ તથા પોલો હોય, સારાં સારાં બજાર, અને જ્યાં સારો વેપાર ચાલતો હોય તેને.

પ્ર—બંદર એટલે શું?

ઊ—જે ગામ દરિયા તથા નદી કિનારે આવ્યું હોય અને ત્યાં જો માલની ચડ ઉતર થતી હોય તો તેને બંદર કેહવું.

પ્ર—રાજ્યધાંની એટલે શું?

ઊ—રાજગાદીનું જે મોટું શેહેર હોય તે.

પ્ર—બેટ એટલે શું?

ઊ—જે જમીનની ચારે બાજુએ પાણી ફરી વળ્યું હોય તેને.

પ્ર—દ્વીપકલ્પ કોને કેહવો?

ઊ—જે જમીનની ત્રણે બાજુએ પાણી ફરી વળ્યુ હોય ને એક બાજુ જમીન હોય તેને.

પ્ર—સંયોગી ભુમી કોને કહેછે?

ઊ—જે જમીનનો સાંકડો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધતો હોય તેને.

પ્ર—ટેકરો-ડુંગર અને પર્વત કોને કેહવો?

ઊ—જે જમીનનો ભાગ થોડો ઊંચો હોય તેને ટેકરો. વધારે ઊંચો હોય તેને ડુંગર. અને ઘણાજ ઉંચા અને લાંબા ભાગને પર્વત કહે છે.

પ્ર—ડુંગર કે પરવતની હાર કોને કહે છે?

ઉ—જે ડુંગર કે પરવતો તળીએથી જોડાએલા હોય તેને.

પ્ર—ભુશીર, ભુસલાકા અથવા કેપ કોને કહેછે?

ઉ—જે જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગએલી હોય તેને.

પ્ર—ઉંચ પ્રદેશ, ખીણ પ્રદેશ, અને તલેટીનો પ્રદેશ કોને કહેછે?

ઉ—પહાડો ઉપર આવેલા પ્રદેશને ઉચ્ચ પ્રદેશ, પહાડોની વચ્ચે નીચાણમાં આવેલાને ખીણ પ્રદેશ, અને પહાડોની તલેટીમાં આવેલાને તલેટીનો પ્રદેશ કહેછે.

પ્ર—મેદાન કે પ્રદેશ કોને કહે છે?

ઉ—સપાટ જમીનના વિસ્તારેલા ભાગને.

પ્ર—રણ કોને કહે છે?

ઉ—જે જમીનનો ભાગ ઘણો રેતાળ અને ઝાડ પાલા વગરનો હોય તેને.

પ્ર—દોઆબ કોને કહે છે?

ઉ—બે નદીઓની વચ્ચે આવેલા મુલકને.

પાણીના ભાગની વ્યાખ્યાઓ.

પ્ર—પૃથ્વી ઉપર પાણીના કયા કયા ભાગ થાય છે?

ઉ—નદી, સરોવર, અખાત, ઉપસાગર, સામુદ્રધુની, સમુદ્ર અને મહાસાગર.

પ્ર—પાણીના મોટા ભાગ કેટલાછે અને તે દરેકને શું કહેછે?

ઉ—પાંચ અને તેમાંના દરેકને મહાસાગર કહેછે. તેમના નામ ઉત્તરમહાસાગર, દક્ષિણ મહાસાગર. આટલાંટિક મહાસાગર પાસિફીક મહાસાગર, ને હીંદી મહાસાગર.

પ્ર—સમુંદ્ર કોને કહેછે?

ઉ—જે પાણીનો ભાગ મહાસાગરથી નાનો હોય તેને.

પ્ર—અખાત કોને કહે છે?

ઉ—સમુદ્રનો ફાંટો જમીન ઉપર આવેલો હોય તેને,

પ્ર—ઉપસાગર કોને કહેછે?

ઉ—જે અખાતનું મોં પોહોલું હોય તેને.

પ્ર—સામુદ્રધુની કોને કહે છે?

ઉ—પાણીનો જે નાનો ભાગ પાણીના બે મોટા ભાગને સાંધેછે તેને.

પ્ર—સરોવર કોને કહેછે?

ઉ—જમીનથી વીંટાએલા પાણીના મોટા ભાગને સરોવર અને નાના ભાગને તલાવ કહે છે.

પ્ર—નદી કોને કહેછે?

ઉ—જે મીઠા પાણીનો પ્રવાહ ડુંગર, પરવત, કે સરોવરમાંથી નીકલી ઢલતી જગામાં થઇને જાય તેને.

પ્ર—કુંવારીકા નદી કોને કહે છે?

ઉ—જે નદી સમુદ્રને મલતી નથી તેને.

પ્ર—નદીનું મુલ અને મુખ કોને કહેછે?

ઉ—જે જગાએથી નદી નીકળે છે તે તેનું મુલ અને જયાં તે મલે છે તે તેનું મુંખ.

પ્ર—સંગમ કોને કહેછે?

ઉ—જયાં બે નદીઓ એકઠી થાય છે તેને.

પ્ર—ભરતી ઓટ કોને કહેછે?

ઉ—દરિયાનું પાણી વારા ફરતી ચઢે છે ને ઉતરેછે તેને

પ્ર—ધોધ કોને કહે છે?

ઊ—નદી કે ઝરણનું પાણી ઊંચેથી પથ્થરવાળી જગાએ પડેછે તેને.

પ્ર—ખાડી કોને કહેછે?

ઊ—સમુદ્રનું પાણી મલતાં પેહલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનુ મુખ પોહોળું હોય તેને.

પ્ર—જળક્ષેપ પ્રદેશ કોને કહેછે?

ઊ—જે ઊંચી જગાએથી જૂદી જૂદી દિશાઓમાં પાણી પડે છે તેને.

વીસેષ—પૃથ્વીની સપાટી ઉપર પાણી અને કોરી જમીન એ છે. જો પ્રથ્વીની સપાટીના ચાર સરખા ભાગ કરીએ તો તેમાંના લગભગ ત્રણ ભાગ પાણી છે. ને બાકીની કોરી જમીન છે.

રાજ્ય વ્યવસ્થા.

પ્ર—આ ઈલાકાનો રાજકારભાર કોના તરફથી કોણ કરે છે અને તે કયાં રહેછે?

ઊ—રાણી વિકટોરીયા તરફથી "ગવરનર" કરેછે અને તે મુબાઈ શેહેરમાં રહે છે?

પ્ર—એજન્સીના તાબે કયો મુલક છે?

ઉ—રજવાડી.

પ્ર—રજવાડાની તથા મોટાં સંસ્થાનોની સંભાલ કોણ રાખેછે?

ઉ—પોલીટીકલ એજંટ તથા રેસીડંટ.

પ્ર—જીલ્લાનો વહીવટ કોણ કરેછે, અને તેના મદદનીશ કોણ હોય છે?

ઉ—કલેકટર, અને મદદનીશ આસિસ્ટંટ, તથા ડેપ્યુટી કલેકટરો હોય છે.

પ્ર—તાલુકાનો વહીવટ કોણ કરે છે, અને તેના મદદનીશ કોણ હોય છે?

ઉ—મામલતદાર (વહીવટદાર) અને તેના મદદનીશ તલાટી વીગેરે હોય છે.

પ્ર—લોકોના જાનમાલને હરકત ન થાય તેટલા માટે કયાં ખાતાં કાઢયાં છે?

ઉ—લશ્કરી અને પોલિશ ખાતું

પ્ર—સડકો, નવાણ, ધર્મશાળા, વીગેરે બાંધ કામ કરવાને કયું ખાતુ કાઢયું છે?

ઉ—ઇજનેર ખાતું.

પ્ર—દેશાવરના કાગળો પહોંચાડવા સારૂ કયું ખાતું કાઢયુંછે?

ઉ—પોષ્ટ ઓફીસો.

પ્ર—લોકોને કેલવણી આપવાને તથા રોગી માણસોના રોગ દૂર કરવાને કયાં ખાતાં કાઢયાં છે?

ઉ—કેલવણી ખાતુ તથા દવાખાનાં.

પ્ર—બળીઆ અને દાણને માટે કયાં ખાતાં કાઢયાં છે?

ઉ—શીતલાખાતું તથા જકાતખાતું.

પ્ર—શેહેર સુધારા માટે કયું ખાતું કાઢયું છે?

ઉ—મ્યુંનીસીપાલ ખાતું.

પ્ર—ખેતરનાં માપ કાઢી વીઘોટીના યોગ્ય દર ઠરાવી આપવા કયું ખાતું છે, અને તે ખાતાના નોકરો કોણ કહેવાય છે?

ઉ· સરવેઈ ખાતું અને તેમના નોકરો મોજણીદાર કહેવાયછે.

વીશેષ—લોકોના દેવા લેણા સંબંધી ફરિયાદોનો નીકાલ આપવા માટે દરેક જીલ્લામાં એક મોટી જડજ કોરટ છે. અને તેમને મદદ કરવાને મુનસફ કોર્ટ છે. જડજ એવી બાબતનો તથા ખુન કરનાર, ધાડ પાડનાર, જૂઠા લેખ બનાવનાર, જૂઠી સાક્ષી પુરનારને એવાજ બીજા ગુનાહ કરવાનું માજીસ્ત્રેટો તરફથી આવેલું કામ તપાસી ઇનસાફ આપે છે. મુંબાઈ શેહેરમાં હાઈકોરટ સ્થાપી છે. ત્યાં ઉપલી કોરટો તરફથી મલેલા ગેરઇનસાફ બદલ અપીલ થાયછે.

મુંબઈ ઈલાકાની હકીકત.

પ્ર·મુંબઇ ઇલાકો હીંદુસ્થાનની કઈ દિશામાં આવ્યોછે?

ઉ-પશ્ચિમ દિશામાં.

પ્ર·એની શીમા બોલો?

ઉ—ઉત્તરે પંજાબ, દક્ષિણે મદ્રાસ ઈલાકો તથા મહીસુર. પુરવે મધ્ય હીંદુસ્થાનનાં સંસ્થાન તથા મધ્ય પ્રાંત અને વરાડ પ્રાંત પશ્ચિમે તથા નૈરૂત્યે અરબી સમુદ્ર તથા હાલા પરવત છે. વાયવ્ય. ખુણે બલુચિસ્તાન. ઇશાન ખુણામાં રજપુતસ્થાન ને અગ્નિ ખુણામાં નીઝામનું રાજ્ય છે.

પ્ર—એ ઈલાકો કયાંથી કયાં સુધી અને કેટલા મૈલ લાંબોછે?

ઉ—મિથનકોટથી મહીસુર સંસ્થાન અને મદ્રાસની હદસુધી ૧૦૫૦ એક હજારને પચાસ મૈલ લાંબો છે.

પ્ર—એનું ક્ષેત્રફલ તથા વસ્તી કેટલી છે?

ઉ--એક લાખ અઠ્ઠાસી હજાર એકસો પંચાણું ચોરસ માઇલ છે. અને ૨૫૬૨૪૬૯૯ માણસની વસ્તી છે.

પ્ર—મુંબાઈ ઈલાકાના કેટલા ભાગ કર્યા છે અને તે દરેકને શું કહે છે?

ઉ--પાંચ, અને તે દરેકને પ્રાંત કહેછે.

પ્ર--પાંચ પ્રાંત કયા કયા?

ઉ-૧ સિંધ પ્રાંત. ૨ કચ્છપ્રાંત, ૩ ગુજરાત પ્રાંત ૪ માહારાષ્ટ એમાં દક્ષિણ અને કોકણ ૫ દક્ષિણ માહારાષ્ટ અને ઉત્તરકાનડા.

સીંધ પ્રાંત.

પ્ર--સિંધ પ્રાંતની સીમા બોલો?

ઊ--ઉત્તરે પંજાબ અને બલુચિસ્થાન. પુરવે જેસલમીરનું મેદાન અને રજપુત સંસ્થાન. દક્ષિણે કચ્છનું રણ તથા આરબી સસમુદ્ર પશ્ચિમે હાલાં અને સુલેમાન પરવતો.

પ્ર--મુખ્ય જીલ્લા બોલો?

ઉ--૧ પેહેલો સિંધની ઉપલી સરહદનો મુલક. ૨ શિકારપુર ૩ હૈદ્રાબાદ. ૪ કરાંચી. ૫ થરપારકર. ૬ ખૈરપુર સંસ્થાન.

પ્ર--સિંધની ઉપલી સરહદનો મૂલક, તેનું મુખ્ય શેહેર કયું?

ઉ--જેકબાબાદ.

પ્ર--શીકારપુર જીલ્લાનાં ગામ કયાં કયાં?

ઉ--મુખ્ય શેહેર શીકારપુર અને શકર, લારખાના, રોરી મુખ્ય શેહેર છે.

પ્ર--કરાંચી જીલ્લાના ગામ બોલો?

ઊ--મુખ્ય શેહેર કરાંચી અને ઠઠ્ઠા કોટ્રી એ ગામ છે.

પ્ર--થરપારકર જીલ્લામાં મુખ્ય સેહેર કયું છે?

ઉ--ઉમરકોટ.

પ્ર—ખૈરપુર સંસ્થાનનું મુખ્ય શેહેર કયું છે?

ઉ--ખૈરપુર.

પ્ર--સિંધ પ્રાંતમાં મોટી નદી કઇ છે અને તે કોને મલેછે?

ઉ--સિંધુ ને તે અરબી સમુદ્રને મલેછે.

પ્ર--આ પ્રાંતના ઉપરીને શું કહેછે?

ઉ--કમીશનર.

પ્ર--આ પ્રાંતની ભાશા કેવી છે?

ઉ--સિંધી અને બલુચી.

કચ્છ પ્રાંત.

પ્ર--સિમા બોલો?

ઉ--ઉતરે પુરવે અને અગ્નિકોણમાં રણ, દક્ષિણે અને નૈરૂત્યમાં કચ્છનો અખાત અરબી સમુદ્ર.

પ્ર--આ પ્રાંતના કેટલા તાલુકા કર્યાછે?

ઉ--સોલ.

પ્ર--કયા કયા?

ઉ--પાબર, મીયાણી, બન્ની, પચ્છમ, ખડીર, પાંથલ, વાગડ અંજાર ચોવીશી, ભૂવડ ચોવીશી, હાલા ચોવીશી, કાંઠી, મોડાસા, અવડાસા, કંડ, ગરડો અને માક.

પ્ર--ગામ બોલો?

ઉ--મુખ્ય શેહેર ભૂજ, માંડવી, મુદ્રા, લખપત, જખૌ તુણા, અંજાર, રાપર, મોરબીનું અંધોઈ, ભચૌ, બેલા, નળીયા, કોઠારા તેરા, સૂમરીરોહા, ભદ્રેશ્વર, કેરા અને કંથકોટ.

પ્ર--મુખ્ય પરવત કયા કયા?

ઉ--ધાર અને લાખી.

પ્ર--મુખ્ય વેહેલા કયા કયા છે?

ઉ--નાગમથી, રૂકમાવતી, અને ખારી.

પ્ર--આ પ્રાંતના રાજાને શું કહેછે?

ઉ--રાવ અને તે જાડેજા રજપુત છે.

પ્ર--અહીંના લોક કેવી ભાષા બોલે છે?

ઉ--કચ્છી.

ગુજરાત પ્રાંત.

પ્ર--એની શીમા બોલો?

ઉ--ઉત્તરે શીરોહી અને આબુ પરવત, પશ્ચિમે કચ્છનો અખાત અરબી સમુદ્ર, અને દક્ષિણે થાણા જીલ્લો અને પુરવે મેવાડ, માલવા તથા ખાનદેશ જીલ્લો.

પ્ર--ગુજરાત પ્રાંતના જીલ્લા કયા કયા?

ઉ--સુરત જીલ્લો. ભરૂચ જીલ્લો. ખેડા જીલ્લો. પંચમહાલ અને અમદાવાદ જીલ્લો.

જીલ્લા.

પ્ર--સુરતજીલ્લાની શીમા બોલો।

ઉ--ઉત્તરે કીમ નદી, ભરૂચ જીલ્લો અને ગાયકવાડનો મુલક પુરવે ગાયકવાડનો મુલક વાંસદા અને ધરપુર દક્ષિણે દમણગંગા નદી પશ્ચિમે અરબી સમુદ્ર અને ખંભાતી અખાતછે.

પ્ર--એના આઠ તાલુકાના નામ આપો.

ઉ--૧ પારડી. ૨ વલસાડ. ૩ ચીકલી. ૪ જલાલપોર. ૫ બારડોલી. ૬ માંડવી. ૭ ઓલપાડ (?) ... ૮ ઓરપાડ.

પ્ર--આ જીલ્લામાં નદીઓ કઈ છે?

ઉ--તાપી, કીમ, મીંઢોળા, પુર્ણા, અંબીકા, પાર, કોલક દમણગંગા, ખરેરા, ઓરંગા.

પ્ર--ખાડીઓ કઇ કઇ છે?

ઉ—કોથલા. પરિઆલી, વામ, કોલાઈ, વલ્કી, કનાઈ, ભોટારા, કરકવાની બનેવ વગેરે.

પ્ર- મોટાં ગામ કયાં કયાં છે?

ઉ--ઊપર જણાવેલા તાલુકાઓ ઊપરાંત રાંદેર, મોતા, દેગામ, બહુધાન, તડકેશ્વર, ને ઘંટોલી.

પ્ર—મુખ્ય બંદરના નામ આપો?

ઉ—સુરત વલસાડ ને ભગવાદાર.

પ્ર—જાત્રાનાં ઠેકાણાં કયાં કયાં છે?

ઊ—સુરત ને બહુધાન.

પ્ર—ભરૂચ જીલ્લાની શીમા આપો?

ઉ—ઉત્તરે મહી પુરવે ગાયકવાડનો મુલક દક્ષિણે, કીમ પશ્ચિમે ખંભાતનો અખાત.

પ્ર—એના પાંચ તાલુકા કયા કયા!

ઊ-ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ, નેજંબુસર.

પ્ર—મોટાં ગામ બોલો?

ઊ-ઉપર બતાવેલા તાલુકા ઊપરાંત શુકલતીર્થ, હાંસોટ દેહજબારી ને કેરવાડી

પ્ર—નદીઓ કઈ કઈ છે તે બોલો?

ઊ-નર્મદા, મહી, કીમ, ઢાઢર ને ઉમરાંવતી.

પ્ર—ખાડીઓના નામ આપો?

ઉ—વંઠ, ભૂખી, આક્રોદ, ગોપાઝ અને રૂપારેલ.

પ્ર-બંદર કયાં કયાં છે તે બોલો?

ઊ-ભરૂચ, કંટારીયા ને દેહજબારીયા.

પ્ર—જાત્રાનું સ્થળ કીયું છે?

ઉ-શુક્લતીર્થ.

પ્ર--બેટ કયા છે?

ઉ--વંતુરીયા અને કાસવા.

પ્ર--ખેડા જીલ્લાની મર્યાદા આપો?

ઉ--ઉત્તરે અમદાવાદ જીલ્લો. ગાયકવાડ અને મહીકાંઠા એજન્સીના કેટલોક મૂલક. વાડાસીનોરનું નાનું રાજ્ય. પૂર્વે અને દક્ષિણે મહી નદી. પશ્ચિમે ખંભાતી સંસ્થાન અને અમદાવાદ જીલ્લો

પ્ર--એના સાત તાલુકાના નામ આપો?

ઉ--૧ કપડવંજ ૨ ઠાસરા ૩ નડીઆદ ૪ મેહેમદાવાદ ૫ માતર ૬ આણંદ ૭ બોરસદ.

પ્ર--મોટાં ગામનાં નામ આપો?

ઉ--ઉપર બતાવેલા તાલુકા ઉપરાંત. ઉમરેઠ, મહુધા, આંત્રોલી ડાકોર વડતાલ અને વાસદ.

પ્ર--નદીઓ કઈ કઈ છે?

ઉ--મહી, વાત્રક, મેશ્વો, શ્રેઠી, મોહોર, ખારી, વરાંસો, ગળતી ને લૂણી.

પ્ર--જાત્રાનાં સ્થળ કયાં કયાં છે?

ઉ--ડાકોર, વડતાલ અને લસૂંદર,

પ્ર--પંચમહાલ જીલ્લાની ઉત્તરે, દક્ષિણે, પુરવે અને પશ્ચિમે' કયા કયા ભાગ આવેલા છે?

ઉ--ઊત્તરે લુણાવાડાનું રાજ્ય પુરવે બારીયાનું રાજ્ય તથા માળવા. દક્ષિણે છોટાઉદેપુરનુ રાજ્ય, પશ્ચિમે વડોદરા પ્રાંત.

પ્ર--એના તાલુકા ને મુખ્ય ગામ આપો?

ઉ--તાલુકા	મુખ્યગામ.
ગોધરા	ગોધરા--સહેરા.
કાલોલ.	કાલોલ--હાલોલ-વેજલપુર
દાહોદ	દાહોદ--જાલોદ.

પ્ર--મુખ્ય નદી કઇ છે?

ઉ--મહી.

પ્ર--મુખ્ય પરવત કયો છે?

ઉ--પાવાગઢ.

પ્ર--જાત્રાનુ સ્થળ મુખ્ય કયુછે?

ઊ--પાવાગઢ.

પ્ર--અમદાવાદ જીલ્લાની સીમા બોલો?

ઊ--ઊતરે કડી પ્રાંત મહીકાંઠા એજન્સી પુરવે ખેડા જીલ્લો અને ખંભાતનું સંસ્થાન દક્ષિણે તથા પશ્ચિમે કાઠીયાવાડ એજન્સી

ન--એના તાલુકાનાં નામ આપો!

ઉ--પાલીંજ, વીરગામ, ધોળકા, દસકોઇ, ધંધુકા, ધોધા, આણંદ, પાટડી અને મોડાસા એ પેટા તાલુકા છે.

પ્ર--એનાં મોટાં ગામનાં નામ આપો?

ઉ—ઊપરના તાલુકાઓ સિવાય મોડાસા, પાટડી, સરખેજ, ખારાઘોડા, ઉવારસદ, ધોલેરા, વરવાલા, રાણપુર, ગાંફ અને ચોર વડોદરા.

પ્ર—મુખ્ય બંદર કયાં છે?

ઉ—ધોલેરા ને ઘોઘા.

પ્ર—મુખ્ય નદીઓ કઇ છે?

ઉ—સાબરમતી, હાથમતી, વાત્રક, માજુમ, ખારી ભાદર, અને ગોમા.

—મુખ્ય સરોવર કયાં છે?

ઉ—કાંકરીયું અમદાવાદમાં અને નળ ધોળકામાં મુનસર, તથા ગંગાસર વીરમગામમાં.

એજન્શીઓ.

પ્ર—કાઠીયાવાડ એજન્સીની સીમા બોલો?

ઉ—ઊત્તરે કચ્છી રણ પુરવે અમદાવાદ જીલ્લો અને ખંભાતી અખાત દક્ષિણે અને અગ્નિ કોણમાં અરબી સમુદ્ર અને વાયવ્યકોણમાં કચ્છી રણ છે.

પ્ર—મુખ્ય નદીઓ કઇ છે?

ઉ—ભાદર, સેતુંજી, મચ્છુ, ઓઝાત, આજી. ભોગાવો, લીંબડીનો ભોગાવો, ફલકુ, બાંભણ, ધાંતરવાડી, રાયડી, ધોળાદરી રૂપેણ, સુકભાદર, ગાંડલી, ખુબી, સાવળી, બહીરણ, સામનં શીકાવડો, રામાવતી, ઘોડાધ્રોઇ.

પ્ર—મુખ્ય પરવત કયા કયા છે?

ઉ—ચોટીલા, બાબાકગીર, મોરધાર, લાંબધાર, સેતુંજો, ગીરનાર, ને બરડા.

પ્ર—જાત્રાનાં સ્થળ કયાં કયાં છે?

ઊ—દ્વારકાં, સોમનાથ પાટણ, (કે પ્રભાસપાટણ) અને શ્રાવક લોકનું પાલીતાણા છે.

પ્ર—કાઠીયાવાડ એજન્સીના પ્રાંત કેટલાછે. ને તે કયા કયા?

ઉ—ચાર છે. ૧ ઝાલાવાડ. ૨ ગોહીલવાડ. ૩ સોરઠ. ૪ હાલાર.

પ્ર—એ ચાર પ્રાંત કયા પ્રગણામાંથી થયા છે?

ઉ—૧ ઝાલાવાડ. ૨ ગોહીલવાડ ૩ ઉડસરવૈયા ૪ બાબરીયાવાડ, ૫ કાઠીયાવાડ. ૬ સોરઠ, બરડા, ૮ હાલાર, ૯ મચ્છુકાંઠો ૧૦ ઓખામંડળ.

પ્ર—ઝાલાવાડના મુખ્ય સંસ્થાનો કયાં છે?

ઉ—ધ્રાંગધરા ૨ લીંમડી, ૩ વઢવાણ, ૪ વાંકાનેર, ૫ સાયલા, ૬ સુડા, ૭ બજાણા, ૮ થાનલકતર.

પ્ર—ગોહીલવાડનાં મુખ્ય સંસ્થાનો કયાંછે?

ઉ—ભાવનગર, પાલીતાણા, વળા, લાઠી.

પ્ર—ઉડસરવઈયાના મુખ્ય સંસ્થાન બોલો?

ઊ—ડાહા, ગણધોળ ને ચોક.

પ્ર—બાબરીવાવાડના મુખ્ય સંસ્થાન કયાં છે?

ઉ—જાફરાબાદ, કુંડાણુ,

પ્ર—કાઠીયાવાડનાં અંગ્રેજી સંસ્થાન બોલો?

ઉ—જેતપૂર, બીલખા, બકસરા, જસદન.

પ્ર—સોરઠનાં મુખ્ય સંસ્થાન બોલો?

ઉ—જૂનાગડ, બાટવા અને અમરાપૂર.

પ્ર—બરડાનું મુખ્ય સંસ્થાન બોલો?

ઉ—પોરબંદર.

પ્ર—હાલારનાં મુખ્યો સંસ્થાન કયાં છે?

ઉ—નવાનગર, ગોંડલ, રાજકોટ, ધ્રોલ, ધ્રાફા.

પ્ર—મચ્છુ કાંઠાના મુખ્ય સંસ્થાન બોલો?

ઉ—મોરબી, માલીયા.

પ્ર—ઓખામંડલનાં મુખ્ય ગામ બોલો?

ઉ—દવારકાં, કચ્છીગઢ, આરંભડું, પોશીતરૂ, બીણુકી. અને મઢી છે.

પ્ર—પાલણપુર એજન્સીની સીમા બોલો?

ઉ—ઉત્તરે મારવાડને શીરોહ પુરવે શીરોઈ અને મહી કાંઠા દક્ષિણે ગાયકવાડી મુલક. પશ્ચિમે કચ્છનું રણ.

પ્ર—પાલણપુર એજન્સીનાં મુખ્ય સંસ્થાન કયાં કયાં છે?

ઉ—પાલણપુર, રાંધનપુર, વારાહ, તેરવાડા. એ મુસલમાનોનાં છે. થરાદ, વાવ, મોરવાડા, સુઈગામ, દેવદર, સાંતલપુર એ રજપુતોનાં છે. ભાભરને કાંકરેજ એ કોલીનાં સંસ્થાનછે.

પ્ર—પાલણપુર એજન્શીના મુખ્ય ગામ બોલો?

ઉ—ઉપરનાં સંસ્થાન ઉપરાંત. ડીસા, ધાનદાર, ધાનેરા, પાથાવાડા, દાંતીવાડા, કાંકરેજ, સમી અને મુજપુર,

પ્ર—મુખ્ય નદીઓ તથા પરવત કયા છે?

ઉ—બનારસ ને સરસવતી અને શીરોહનો ડુંગર.

પ્ર—કાંપ કયા શેહેરમાં છે?

ઉ—ડીસામાં.

પ્ર—મહીકાંઠા એજન્શીની શીમા બોલો?

ઉ—ઉત્તરે આબુના ડુંગરો પુરવે મેવાડ અને ડુગરપુર દ-

ક્ષિણે ગાયકવાડનો મૂલક, ખેડા અને અમદાવાદ જીલ્લો પશ્ચિમે ગાયકવાડનો મૂલક તથા પાલણપુર એજન્સિ છે,

પ્ર—મુખ્ય નદીઓ કઇ છે?

ઊ---સાબરમતી, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો ને માજુમ.

પ્ર—આ એજન્સીનાં કેટલાં પ્રગણાં કરેલાંછે ને તે કયાં કયાંછે?

ઊ--૭. નાની મારવાડ, રેવા, સાબરકાંઠો, વાત્રકકાંઠો, બાવીસ અને કટોસણ.

પ્ર—નાની મારવાડનાં મુખ્ય ગામ બોલો?

ઉ—દાંતા અને માલપુર.

પ્ર—રેવાનાં મુખ્ય ગામ બોલો?

ઊ—મોહનપુર અને રણાસળ.

પ્ર—સાબરકાંઠાનાં મુખ્ય ગામ બોલો?

ઊ—માણસા, પેથાપુર, વરસોડા અને ઈડર.

પ્ર—વાત્રકકાંઠાના મુખ્ય ગામ બોલો?

ઉ--આંબલીયારા.ઘોડાસર, સાંઠબા, પુનાદરા અને ખડાળ

પ્ર—બાવીશીના મુખ્ય ગામ બોલો?

ઉ—વાસણા, મહીસા, અને ડંભોડા.

પ્ર---કટોસણનાં મુખ્ય ગામ બોલો?

ઉ—જોટાણ. સાંથળ, કટોસણ અને મગુના.

પ્ર—આ એજન્શીનાં મુખ્ય સંસ્થાન કયાં છે?

ઊ—ઇડર, દાંતા, માલપૂર, મોહનપૂર, બાલુસણ સતલાસણ માણસા, ઘોડાસર, અને આમલીઆરા.

પ્ર----મુખ્ય ગામ કયાં છે?

ઉ—ઇડર. વડાલી, બાવડ, ચોયલા, ગાબટ વીગેરે.

પ્ર—જાત્રાનાં સ્થળ કયાં છે?

ઉ—આરાસુરમાં અંબાજી ટેંટોઇ પાસે શામળાજી.

પ્ર–રેવાકાંઠા એજન્શીની સીમા બોલો?

ઉ—ઉત્તરે મહિકાંઠા પુરવે માલવા અને ખાનદેશ દક્ષિણે મુલક ગાયકવાડી અને સુરત જીલ્લો. પશ્ચિમે ગાયકવાડનો મુલક ખેડા, ભરૂચ, અને પંચમહાલ છે.

પ્ર—આ એજન્સીનાં મુખ્ય સંસથાન બોલો?

ઉ—રાજપીપળા, છોટાઉદેપુર, લૂણાવાડા. બારીયા સાંથ અને વાડાશીનોર.

પ્ર—મુખ્ય ગામ કયાં કયાં છે?

ઉ—નાંદોદ, વીરપુર, પીપળોદ, ને રાયગડ.

પ્ર—મુખ્ય પરવત કયા છે?

ઉ—રાજપીપલા, સાતપુડા અને દેવગઢ.

પ્ર—મુખ્ય નદીઓ કઇ કઈ છે?

ઉ—મહી, નર્મદા, પુનમ, ગોમા, ઢાઢર, હેરણ કરજણ ઓર.

પ્ર—પંચમહાલ એજન્સીની શીમા બોલો?

ઉ—એની ચારે બાજુએ છોટા ઉદેપુરનો મુલક છે.

પ્ર—એનું મુખ્ય સંસ્થાન કયું છે?

ઉ—નારૂકોટ.

પ્ર—સુરત એજન્સીની શીમા આપો!

ઉ—ઉતરે ગાયકવાડનો મુલક પુરવે ખાનદેશ જીલ્લો દક્ષિણે થાણા જીલ્લો અને પશ્ચિમે સુરત જીલ્લાનો દક્ષિણ ભાગ.

પ્ર—એનાં ત્રણ સંસ્થાનોનાં નામ આપો?

ઉ---સચીન વાંસદા તથા રામનગર.

પ્ર--મુખ્ય ગામ ક્યાં ક્યાં છે?

ઉ—સચીન, વાંસદા ધરમપુર, બીનાર અને કાંળળા.

પ્ર—મુખ્ય નદીઓ કઈ કઈ છે?

ઊ—કાવેરી, અંબીકા, ખરેરા, ઓરંગા. પાર કોલક, દમણગંગા.

પ્ર---મુંબાઈ ઈલાકામાં સૌથી મોટું દેશી રાજય કયુંછે?

ઉ—ગાયકવાડી.

પ્ર--એના કેટલા અને કયા કયા પ્રાંત કરેલા છે?

ઉ—ચાર. કડીપ્રાંત. વડોદરા પ્રાંત, નવસારી પ્રાંત અને અમરેલી પ્રાંત,

પ્ર--ગાયકવાડી રાજ્યનાં મુખ્ય ગામ બોલો.

ઉ—કડી પ્રાંતમાં—પાટણ, વડાવલી, શીધપુર કલોલ, મહેસાણા, વિસનગર, વીજાપુર, ખોરાલુ, દહેગામ, હારીજ, આતરસુંબા, વડનગર. વડોદરા પ્રાંતમાં—વડોદરા, પેટલાદ, પાદરા, સીનોર, ચોરંદા, ચાણોદ, સંખેડા, ડભોઈ, જરોદ. નવસારી પ્રાંતમાં—નવસારી, પલસાણા, કઠોર, વેલાસા, સોનગડ, વ્યારા, કામરેજ, મહુવા, ગણદેવી. અમરેલી પ્રાંતમાં—દામનગર, કોડીનાર ધારી અને ઓખામંડલ.

પ્ર-મુખ્ય નદીઓ કઈ કઈ છે?

ઉ—સાબરમતી, બનાસ, વાત્રક, મહી નર્મદા, વીશ્વામીત્રી અને તાપી.

પ્ર--મુખ્ય અખાત કયા છે?

ઉ--ખંભાત અને કચ્છ.

પ્ર--મુખ્ય બેટ કયો છે?

ઊ--સંખોદ્ધાર.

પ્ર--મુખ્ય દ્વીપકલ્પ કયો છે?

ઉ--ઓખામંડલ.

પ્ર--જાત્રાનાં ઠેકાણાં કયાં કયાં છે?

ઉ--દવારકાં સિદ્ધપુર, બહુચરાજી, ઊઝા ને ચાણોદ.''

પ્ર--ખંભાત સંસ્થાનની સીમા બોલો?

ઉ--ઉત્તરે, અને પુરવે ખેડા જીલ્લો અગ્નિકોણમાં ગાયકવાડનો મુલક દક્ષિણે મહી નદી અને ખંભાતનો અંખાત પશ્ચિમે સાબરમતી નદી ને અમદાવાદ જીલ્લો.

પ્ર--ખંભાતનું મુખ્ય સેહેર કયું છે?

ઉ--ખંભાત.

પ્ર--મુખ્ય નદી કઈ છે?

ઊ--મહી.

માહારાષ્ટ.

પ્ર--માહારાષ્ટ એના કેટલા ભાગ કર્યા છે ને તે કયા કયા?

ઉ--બે. દક્ષણ અને કોકણ.

પ્ર--દક્ષિણ પ્રાંતના જીલ્લા એજનસી અને સંસ્થાન બોલો?

ઉ--ખાનદેશ, નાશક, અહમદનગર, પુના, સતારા અને સોલાપુર જીલ્લો. ખાનદેશ એજનશી પેંઠ અને અકકલકોટ સંસ્થાન સતારા જાગીર.

પ્ર--મુ[illegible] ગા[illegible] બોલો?

ઊ--ધુ[illegible] [illegible]ગ, નંદુરબાર, નાસીક, અહમદનગર,

પુના, સતારા, ભોર, ફલટણ, ઔંધ,જત, સોલાપુર અને અક્કલકોટ.

પ્ર--મુખ્ય નદીઓ કઇ છે?

ઉ--તાપી અને ગોદાવરી.

પ્ર--કોકણ જીલ્લાનાં સંસ્થાન બોલો?

ઉ--થાણા, કોલાબા, રત્નાગીરી જીલ્લો. જવાર, જંજીરા, સાવંતવાડી સંસ્થાન.

પ્ર--મુખ્ય શેહેર કયાં છે?

ઉ--થાણા, જવાર, અલીબાગ; જંજીરા, રત્નાગીરી અને સાવંતવાડી.

પ્ર--મુખ્ય પરવત કયો છે?

ઉ--સીહાદ્રી અથવા પશ્ચિમ ઘાટ.

દક્ષિણ માહારાષ્ટ અને ઉત્તર કાનડા.

પ્ર--એના જીલ્લા સંસ્થાન અને જાગીર બોલો?

ઉ--કલાદગી, બેલગામ, ધારવાડ અને ઉત્તરકાનડા જીલ્લો કોલ્હાપુર અને સાવનૂર સંસ્થાન. દક્ષિણ મરાઠા જાગીર.

પ્ર--એનાં મોટાં ગામનાં નામ આપો?

ઉ--કલાદગી, બેલગામ, કોલાપુર, સાંગલી જમખીંડી, મીરજ કુરદવાડ મુધોલ, રામદુર્ગ, સાવનૂર અને ધારવાડ.

પ્ર--ઉત્તર કાનડા જીલ્લાના મુખ્ય બંદર બોલો?

ઉ--કારવાડ, કુંપટા અને હોનાવર.

ઊપયોગી વરણન.

મુબાઇ ઈલાકામાં મુંબાઈ શેહેર સૌથી મોટું છે. પરદેશ ઘણી જાતનો માલ જાય છે, અને આવે છે, ત્યાં ઘણીક જાતનાં

જુન્નરનાં કારખાનાં છે. વીહાર અને તુલશી નામે સરોવરનુ પાણી પીવા સારૂ નલ મારફતે ઘેર ઘેર લાવવામાં આવે છ. ફાણુસોમાં રાત્રે વીજળીના દીવા થાય છે. અરબસ્તાનમાં આવેલુ એડન બંદર તથા લાલ સમુંદ્રમાં આવેલો પીરમ બેટ મુબાઈના તાબે છે, અને અનેક જાતની ઓફીસો, છાપખાનાં બંગલા આગબોટ વહાણો દીવાદાંડી અને ટંકશાલ વગેરે જોવા લાયક જગ્યાઓ ઘણી છે.

પરવતો.

સીહાદ્રી (પશ્ચિમ ઘાટ) મહારાષ્ટમાં (સાતપુડા રાજપીપલા પાસે) રેવાકાંઠામાં) આબુ (મહીકાંઠાની ઉત્તરે) સેત્રુંજો (પાલીતાંણા પાસે) ગીરનાર (જૂનાગડ પાસે) (ગુજરાત પ્રાંતમાં)

નદીઓ

નામ	કોને મળેછે	શેહર
સીધુ	અરબી સમુદ્રને	હૈદરાબાદ
સરસ્વતી	કચ્છના રણમાં સમાઇ જાયછે.	સીધ્ધપુર
બનાસ	”	ડીસા.
બાદર	અરબી સમુદ્રને	ધોરાજી
શેત્રુંજી	ખંભાતના અખાતને	ધારી.
સાબરમતી	”	અમદાવાદ
મહી	”	ખંભાત
વીશ્વામીત્રી	ઢાઢર નદીને	વડોદરા
ઢાઢર	ખંભાતના અખાતને	જંબુસર
નર્મદા	”	ભરૂચ
તાપી	”	સુરત

ગોદાવરી	બંગાળાના ઉપસાગરને	નાશીક
કૃષ્ણા	”	કુહદવાડ
ભીમા	કૃષ્ણા નદીને	પંઢરપુર
નીરા	ભીમા નદીને	ભોર

ખાડીઓ—વસાઇની, બાણુકોટની અને વીજય દુર્ગની.

અખાત—કચ્છ અને ખંભાતનો.

સમુદ્ર—અરણીસમુદ્ર.

ભુશીર—દીવ કાઠીયાવાડની દક્ષિણે.

દવીપકલ્પ—કાઠીયાવાડ.

કુંડ—લસુંદરા. કપડવંજ પાસે દેવકી ઉનાઈ સુરત જીલ્લામાં.

સરોવર—(મંચર સીંધમાં) નલ ધોળકા પાસે.

બેટ—મનોર, સંખોધાર, દીવ, ઓપનાથ, પીરમ, સાટી.

હવાનાં ઠેકાણાં—મહાબળેશ્વર, પુરંદર, પાવાગઢ આબુ અને ગીરનાર.

છાવણીઓ—રાજકોટ, વઢવાણ, ડીસા, વડોદરા, પુણા અને માલેગામ.

તીર્થનાં સ્થલ—દવારકા સોમનાથપટ્ટણ, ગીરનાર, આબુ, બ હુચરાજી, સીધ્ધપુર, ડાકોર, વડતાલ, ચાણોદ, પાવાગઢ, સુકલતીર્થ પાલીતાણા તારંગા, નાશક, ભીમાશંકર, મહાબળેશ્વર અને પંઢરપુર.

પોરટુગીજનાં સંસ્થાન—દીવ દમણ અને ગોવા.

હબશીનાં સંસ્થાન—જાફરાબાદ અને જંજીરો.

બંદરો—મુંબાઇ, કરાચી, કારવાડ, માંડવી, પોરબંદર

દીવ, ખંભાત, ભરૂચ, સુરત, વસાઈ, વાંસદા, માહીમ અને હોનાવર.

રણુ—થરપારકર ને કચ્છનું.

ભાષા—મરાઠી કાનડી, ગુજરાતી, કાઠીયાવાડી, કચ્છી, ઊરદૂ ને સીંધી વીગેરે ભાષાઓ આ ઇલાકામાં બોલાય છે.

પ્રખ્યાત સ્થળ.

હૈદરાબાદ—શેત્રંજી અને રેશમી કાપડને માટે.

કરાંચી—ઘઊં, તેલ કાઢવાનાં બી વગેરે ઈંગ્લાંડ જાય છે.

ભૂજ—સોના રૂપાની કારીગરી કસબ અને હીરનું ભરત. રેશમી અને સૂતરાઊ કાપડનાં કારખાનાં છે.

ઉમરકોટ—અકબર બાદશાહનો જન્મ થયો હતો.

દ્વારકાં—શ્રીકૃષ્ણની રાજધાની.

રાજકોટ—રાજકુમાર કોલેજ છે.

અમરેલી—શોના રૂપાની કારીગરી. સૂતરાઊ કાપડને જીન તથા ગીલીટ ચડાવવા માટે.

અમદનગર—પથ્થરની ખાણો.

પેથાપુર—બાંધણી સાડીઓ ને બંદૂકો થાય છે.

અમદાવાદ—કીનખાબ મશરૂ રેશમી તથા સૂતરાઊ કાપડ ઘણું બને છે. ગુજરાત ટ્રેનીંગ કોલેજ, હાઇસ્કુલ, ફીમેલ ટ્રેનીંગ કોલેજ મેડીકલસ્કુલ, છાપખાનું, સ્વામીનારાયણનું મંદીર, ભદ્રનો કીલ્લો શાહીબાગ, કાંકરીઆ તળાવ ને જૂમ્મા મસીદ વીગેરે જોવા લાયક છે.

કપડવંજ—કાચ ને સાબુ માટે

ભરૂચ—સુનરાઉ કાપડ તથા સુંદરપાક બનેછે,

સુરત—જરશી, પાપડી ને જમણુ માટે.

ખંભાત—સુત્રફેણી.

વડોદરા—ગાયકવાડ માહારાજની રાજધાની છે. પાપડીઓ સારી થાય છે. મોતીબાગ નજર બાગ, મસ્તુબાગ, સાર્વજનીક બાગ, હાઈસ્કુલ, ત્રેનીંગ કોલેજ, ફીમેલ ત્રેનીંગ કોલેજ, રાજમેહેલ પરવળ ને નાગરવેલનાં પાંન ઘણાં થાય છે.

ડભોઇ—પથ્થરની ઘંટીઓ માટે.

પાટણ—માટીનાં વાસણ ને સુડીઓ માટે.

સીધ્ધપુર—મગદલના લાડુ માટે.

વીસનગર—તાંબા પીતલના વાસણ થાય છે.

આતરસુબા—લુહારી કામ માટે.

મુબાઈ—પૃથ્વી ઉપર મોટુ બંદર છે.*

પુના—વાસણ ઉપર ચીત્ર સારૂ થાય છે.

નાશીક ત્રંબક—પીતલના લોટા માટે.

શોલાપૂર—ધોળી જોટા સારા બને છે.

પંડરપુર—વીઠલનાથજીનું ધામ છે.

રેલવે.

ગ્રેટ ઇન્ડીયન પેનિન્સુલા રેલવે-મુબાઇના બોરી બંદર સ્ટેસનથી કલ્યાણ સુધી જાય છે ને ત્યાં તેના બે ફાંટા પડે છે એક થલઘાટમાં થઈ નાશક જબલપુરથી કલકત્તા તરફ જાય છે એની એક સાખા ભુસાવરથી નાગપૂર સુધી જાય છે. બીજો—બોરઘાટમાં થઈ પૂણા સોલાપૂર રાયપૂરથી મદ્રાસ તરફ.

૧ બાંબે બરોડા એન્ડ સેંટ્રલ ઈન્ડીયા રેલવે–મુંબાઇના કોલાબા સ્ટેસનથી નીકળી વસાઇ, નવસારી, સુરત, ભરૂચ, મીયાંગામ વડોદરા, વાસદ, આણુંદ, નડીયાદ, મેહેમદાવાદ, અમદાવાદ થઇ વઢવાણ સુધી.

આણુંદથી—ભાલજ, ઉમરેઠ, ડાકોર, દાસરા, સેંવાળીયા ગોધરા સુધી.

અમદાવાદથી—વીરગામ, ખારાઘોડા સુધી.

ગાયકવાડી રેલવે—મીયાં ગામથી ડભોઇ સુધી વડોદરાથી ડભોઇ ચાણોદ સુધી. ડભોઈ સંખેડા બહાદુરપુર સુધી.

રજપૂતાના રેલવે—અમદાવાદના સાબરમતી સ્ટેસનથી કલોલ, મેહેસાણા, ઉંઝાં, સીદ્ધપુર, પાલણપુર, આબુ, અજમીર ને ખંડવા સુધી. મેસાણાથી વિસનગર વડનગર અને ઈડર સુધી.

ભાવનગર ગોંડલ રેલવે—વઢવાણથી બોટાદ, ધોળા, ભાવનગર. ધોળાથી ધોરાજી સુધી. જુંનાગઢ રેલવે—જેતલસરથી વેરાવલ સુધી અને વઢવાણ મોરબી.

સિંધ રેલવે—કરાંચી, કોચીન, સક્કરથી પંજાબ તરફ. સક્કરથી શીકારપુર. જેકવાબાદથી શીબી ને કંદહાર સુધી.

દોંડ મનમાંડ રેલવે—અહમદનગરથી મદ્રાસ. તરફ જનારા લોકોને દોંડ આગળના અને કલકત્તાથી અહીં આવેનારા લોકોને મનમાડ આગલના રસ્તા ઉપર જોડાય છે.

હુબલી વીજાપુર રેલવે—હુબલીથી વીજાપુર થઈ મહીસૂર તરફ જાય છે.